ડાંગર-મકાઈ સહિતના પાકને નુકસાનની ભીતિ; તાત્કાલિક પુરવઠાની માંગ

સિંગવડ તાલુકામાં યુરિયા ખાતરની કટોકટી, ખેડૂતોને ખાતર માટે ધક્કા ખાવાનો વારો

મંડળીઓ અને ખાનગી દુકાનોમાં સ્ટોક ખૂટ્યો

(પ્રતિનિધિ) સિંગવડ, તા.6

ચોમાસાની પીક સિઝન વચ્ચે દાહોદ જિલ્લાના સિંગવડ તાલુકામાં યુરિયા ખાતરની ભારે અછત સર્જાતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. સહકારી મંડળીઓ તેમજ ખાનગી ખાતર વિક્રેતાઓ પાસે યુરિયાનો સ્ટોક ખૂટી જતાં ખેડૂતોને ખાતર માટે સતત ધક્કા ખાવા પડી રહ્યા છે. સમયસર ખાતર નહીં મળતા ખેતીના કામો

પણ પ્રભાવિત થયા છે.

તાલુકાની વિવિધ સહકારી મંડળીઓ અને ખાનગી દુકાનો પર રોજ સવારે જ ખેડૂતોની લાંબી કતારો જોવા મળી રહી છે. ઘણા ખેડૂતો વહેલી સવારથી ટોકન લઈને રાહ જુએ છે, પરંતુ સ્ટોક ન હોવાના કારણે નિરાશ થઈને પરત ફરવું પડે છે. કેટલાક ખેડૂતોને એકથી વધુ ગામોમાં ખાતરની શોધમાં જવું પડી રહ્યું છે, છતાં જરૂરી જથ્થો મળી રહ્યો નથી.

હાલ ડાંગર, મકાઈ, શાકભાજી અને અન્ય ખરીફ પાકમાં યુરિયા ખાતર આપવાનો મહત્વનો તબક્કો ચાલી રહ્યો છે. કૃષિ નિષ્ણાતોના જણાવ્યા મુજબ આ સમયે સમયસર ખાતર ન મળે તો પાકની વૃદ્ધિ પર સીધી અસર પડે છે અને ઉત્પાદન ઘટવાની શક્યતા વધી જાય છે. તેથી ખેડૂતોમાં ચિંતા વધી રહી છે.

ખેડૂતોનું કહેવું છે કે વરસાદ સારો થતાં પાકની સ્થિતિ હાલમાં સંતોષકારક છે, પરંતુ ખાતરની અછતના કારણે સમગ્ર મહેનત પર પાણી ફરી વળવાની ભીતિ છે. કેટલાક ખેડૂતો મોંઘા ભાવે અન્ય વિસ્તારોમાંથી ખાતર ખરીદવા મજબૂર બન્યા હોવાનું પણ જાણવા મળી રહ્યું છે. બીજી તરફ કાળા બજારમાં ઊંચા ભાવે ખાતર વેચાતું હોવાની ચર્ચાઓ પણ ચાલી રહી છે, જેના કારણે ખેડૂતોમાં વધુ રોષ જોવા મળી રહ્યો છે.

અનેક રજૂઆતો છતાં કાર્યવાહી નહીં હોવાનો આક્ષેપ

કાલોલમાં જેટકોની બેદરકારીથી ખુલ્લા વીજ વાયર વૃક્ષ સાથે બાંધ્યા

(પ્રતિનિધિ) કાલોલ, તા.6

જેટકો (JETCO) ની ઘોર બેદરકારી, વૃક્ષ સાથે બાંધેલા ખુલ્લા વીજ વાયરોથી જીવલેણ જોખમ

કાલોલ | ૦૬ ઓગસ્ટ, ૨૦૨૬

કાલોલ શહેરના કોલેજ વિસ્તાર પાછળ આવેલા ખેતરોમાં વીજ કંપનીની બેદરકારીને કારણે ખેડૂતો અને અબોલ પશુઓના જીવ પર ભારે જોખમ મંડરાઈ રહ્યું છે. જેટકો (JETCO) કંપની દ્વારા પોતાની ડેડ લાઈનના ખુલ્લા વીજ વાયરો એક વૃક્ષ સાથે બાંધીને છોડી દેવાતા સ્થાનિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગત મહિને ભારે વરસાદ દરમિયાન કોલેજ વિસ્તારની

MGVCL વીજલાઈન અને જેટકોના વીજ સ્ટેશનથી પંચમહાલ સ્ટીલ તરફ જતી જૂની ડેડ લાઈન વચ્ચે ફોલ્ટ થતાં બંને લાઈનો તૂટી ગઈ હતી. વીજ પુરવઠો તો પુનઃશરૂ કરવામાં આવ્યો, પરંતુ જેટકોની ટીમે ડેડ લાઈનના ખુલ્લા વાયરો ખેતરમાં આવેલા એક ઝાડ સાથે બાંધી દીધા અને ત્યાંથી જતા રહ્યા. MGVCL અને જીઆઈડીસીની લાઈનો એકબીજા ઉપર-નીચેથી ક્રોસ થતી હોવાથી વરસાદ કે વાવાઝોડા વખતે બંને લાઈન ટચ થતાં ડેડ લાઈન પણ જીવંત (ચાલુ) થઈ જાય છે.ગત અઠવાડિયે ઝાડ સાથે બાંધેલા ખુલ્લા વાયરોના સંપર્કમાં આવવાથી એક કૂતરાનું મોત નીપજ્યું હતું.આ વીજ વાયરો સ્થાનિક ખેડૂત સુરેશચંદ્ર મણીલાલ પટેલના ખેતરના ઝાડ સાથે બાંધેલા છે, જ્યાં નજીકમાં જ તેમનો પશુઓનો તબેલો પણ આવેલો છે.

ચોમાસાની ઋતુમાં ભેજ અને પાણીના કારણે અકસ્માતની શક્યતા વધી જતાં છેલ્લા ૧૫ દિવસથી ખેડૂતો અને તેમના પશુઓ પર સતત જીવનું જોખમ તોળાઈ રહ્યું છે.

બંધ મકાનને નિશાન બનાવી રૂપિયા ૪૨,૦૦૦/-ની મત્તાનો હાથ ફેરો કરી પલાયન

(પ્રતિનિધિ) દાહોદ, તા. 6

દેવગઢ બારિયા નગરના લાલ બંગલા વિસ્તારમાં આવેલી શિવ પાર્ક સોસાયટીમાં તસ્કરોએ બંધ મકાનને નિશાન બનાવી રૂ.42 હજારની મત્તાની ચોરી કરતાં વિસ્તારમાં ચકચાર મચી છે. ઘટનાની જાણ થતાં દેવગઢ બારિયા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. તસ્કરોએ ઘરમાં રાખેલી પાંચ તિજોરીઓ તોડી લોકરમાંથી અંદાજે 40થી 50 ગ્રામ વજનના ચાંદીના ત્રણ દાગીના, આશરે રૂ.30 હજારના, ઉપરાંત રૂ.5 હજારના સ્ટીલ અને એલ્યુમિનિયમના વાસણો, રૂ.3 હજારનો ભરેલો ઈન્ડિયન ગેસ સિલિન્ડર તેમજ રૂ.4 હજારની કિંમતનું 32 ઇંચનું LED ટીવી ચોરી લીધું હતું. કુલ રૂ.42 હજારની મત્તાની ચોરી થઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ધ્વનિ પ્રદૂષણના નિયમો અને સોશિયલ મીડિયા પર સંયમ રાખવા અપીલ કરી

રણધીપુર પોલીસ સ્ટેશને વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી મુદ્દે શાંતિ સમિતિની બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) સિંગવડ, તા.6

આગામી 9મી ઓગસ્ટ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીને લઈને સિંગવડ તાલુકાના રણધીપુર પોલીસ સ્ટેશન ખાતે બેઠક યોજવામાં આવી હતી. DYSPશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. બેઠકમાં સિંગવડ તાલુકાના આદિવાસી સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા જ્યારે DYSP દ્વારા આદિવાસી દિવસની ઉજવણી શાંતિપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ રીતે કરવા જણાવ્યું હતું. ઉજવણી દરમિયાન કોઈપણ જાતના લોકોને નુકસાન પહોંચાડે તેવા હથિયારો સાથે નહીં આવવા સૂચના આપવામાં આવી. DJ વગાડવા માટે સરકારના નિયમ મુજબ જ અવાજ*

રાખીને DJ વગાડવા જણાવ્યું હતું. ઘોંઘાટના નિયમોનું પાલન કરવું ફરજિયાત છે સોશિયલ મીડિયામાં કોઈની પણ લાગણી દુભાય નહીં તેવા મેસેજ, પોસ્ટ કે વીડિયો નહીં કરવા આગેવાનોને તાકીદ કરવામાં આવી. કાર્યક્રમમાં કોઈપણ જાતનું માદક દ્રવ્યોનું વ્યસન કરીને નહીં આવવા માટે આગેવાનો દ્વારા સમાજના લોકોને સમજ આપવા કહેવામાં આવ્યું.

DYSPએ જણાવ્યું કે પોલીસ તંત્ર દ્વારા સુરક્ષા માટે જરૂરી બંદોબસ્ત ગોઠવવામાં આવશે. આદિવાસી સમાજના ગૌરવના આ દિવસને ઉત્સાહ અને શિસ્ત સાથે ઉજવીએ. બેઠકના અંતે આગેવાનોએ પોલીસ તંત્રને સહકાર આપવાની ખાતરી આપી હતી.

કાલોલમાં ૧૪.૯૪ લાખના ગાંજા સાથે ૩ ઝડપાયા

6.307 કિલો ગાંજો, કેટા કાર, મોબાઇલ અને રોકડ કબજે

(પ્રતિનિધિ) કાલોલ, તા. 7

કાલોલ તા ૦૬/૦૮/૨૬ વડોદરા ઝોન ANTF (એન્ટી નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સ) ની ટીમે કાલોલ નજીક ગોધરા રોડ પર આવેલ એમ.જી.એસ. સ્કૂલના ગરનાળા પાસે ટ્રાફિક પોલીસ ચોકી નજીક નાકાબંધી કરીને ગેરકાયદેસર ગાંજાના જથ્થાની હેરાફેરી કરનાર ૩ ઈસમોને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ANTF પી આઈ ડી જે રાણા ઓ નાર્કોટિક્સ અંગેની પેટ્રોલીંગમાં હતા. તે દરમિયાન પોલીસ ઈન્સ્પેક્ટર ડી.જે.રાણા, PC-જાગૃતિબેન બાબરિયા બ.ન.-૪૭૦નાઓને ખાનગીરાહે બાતમી

હકીકત મળેલ હતી કે, કેટલાક ઈસમો ગેરકાયદેસર વનસ્પતિજન્ય માદક પદાર્થ (સુકો ગાંજો) નો જથ્થો લઈને કાલોલ-હાલોલ રોડ પરથી પસાર થનાર છે. જે બાતમીના આધારે પંચો રૂબરૂમાં કાલોલ થી હાલોલ જવાના રોડ ઉપર એમ.જી.એસ. સ્કૂલ ગરનાળા પાસે આવેલ ટ્રાફિક પોલીસ ચોકી નજીક સફળતાપૂર્વક દરોડો પાડતા શંકાસ્પદ રીતે આવતી પાયલોટિંગ કરતી કેટા કાર (નંબરઃ GJ-17-CB-6191) ને રોકીને તપાસ કરવામાં આવતા તેમાંથી અફઝલ અસલમ કુરેશી તથા રવીભાઈ નારણભાઈ દંતાણી નામના બે ઈસમો મળી આવ્યા હતા.

જીવામૃત અને સરકારી યોજનાઓ અંગે નિષ્ણાતોએ આપ્યું માર્ગદર્શન

સુરેલીમાં ખેડૂતો માટે પ્રાકૃતિક કૃષિ વિષયક કિસાન ગોષ્ઠી યોજાઈ

પ્રાકૃતિક કૃષિ અપનાવવા ખેડૂતોને અપાયું માર્ગદર્શન

(પ્રતિનિધિ) ગોધરા, તા.6

પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના સુરેલી ખાતે ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે જાણકારી આપવાના હેતુથી કિસાન ગોષ્ઠીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને ઓછી ખર્ચાળ, પર્યાવરણમૈત્રી અને ટકાઉ ખેતી પદ્ધતિઓ તરફ પ્રેરિત કરવાનો હતો.

ગોષ્ઠીમાં આત્મા પ્રોજેક્ટના પ્રોજેક્ટ ડાયરેક્ટર ભાવિન

મહેતાએ પ્રાકૃતિક કૃષિનું મહત્વ અને તેના પાંચ મુખ્ય આયામો વિશે વિસ્તૃત વિગતો આપી હતી. ગુજરાત રાજ્ય પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડના ડિસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ મેનેજર યોગેશ જી. પટેલે જીવામૃત અને ધન જીવામૃત બનાવવાની પદ્ધતિ, તેના ઉપયોગ અને ખેતીમાં થતા લાભો અંગે વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ ઉપરાંત, આત્મા પ્રોજેક્ટના ATM ગણપત એ. પટેલે ખેડૂતો માટે ઉપલબ્ધ વિવિધ સરકારી યોજનાઓ અને આત્મા પ્રોજેક્ટની રૂપરેખા રજૂ કરી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ટીપીએમ સચિન પરમાર, ખેતી મદદનીશ અશોક પટેલીયા તેમજ સુરેલી ક્લસ્ટરના CRP અને કૃષિ સખીઓએ મહત્વપૂર્ણ આયોજન અને સંકલન કર્યું હતું. ગોષ્ઠી દરમિયાન સ્થાનિક ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પ્રાકૃતિક ખેતી અંગે પોતાના પ્રશ્નો પૂછી યોગ્ય માર્ગદર્શન મેળવ્યું હતું.

ઘાટીમાં હાઈવે રોડ પર મો.સાયકલ સ્લીપ ખાઈ જતાં ચાલકનું સ્થળ પર જ મોત

(પ્રતિનિધિ) દાહોદ, તા. 6

દેવગઢબારિયા તાલુકાના અસાયડી ગામે ઘાટીમાં હાઈવે પર વધુ પડતી ઝડપ અને ચાલકની ગફલતને કારણે પુરપાટ દોડી આવતી મોટરસાયકલના ચાલકે સ્ટેરિંગ પરનો કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ ખાઈ જતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટરસાયકલ ચાલકને ગંભીર ઈજાઓ થતા તેનું સ્થળ પર જ મોતની નીપજયાનું મળ્યું છે. ગોધરા શહેરની ભક્તિ નગર સોસાયટીમાં રહેતા પોતાના કબજાની જીજે ૧૭બીએ-૩૮૯૯ નંબરની હીરો સીડી ડીલક્ષ મોટરસાયકલ ગફલત ભરી રીતે હંકારી લઈ આવતા કસનાભાઈ કટારાએ મોટરસાયકલના સ્ટેરીંગ પરનો કાબુ ગુમાવી દેતા સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેઓનું સ્થળ પર જ અરેરાટી ભર્યું મોત નીપજયું હતું.

ગોધરામાં બ્રહ્મકુમારીઝ દ્વારા નશા મુક્ત યુવાસંકલ્પ અભિયાનનો ભવ્ય શુભારંભ

(પ્રતિનિધિ) ગોધરા, તા. 6

ભારત સરકાર અને પ્રજાપિતા બ્રહ્મકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયના સંયુક્ત ઉપક્રમે દેશભરમાં શરૂ થયેલા નશા મુક્ત યુવા - વિકસિત ભારત સંકલ્પ અભિયાનનો ગોધરા ખાતેના રાજઋષિ ભવનમાં ભવ્ય શુભારંભ કરવામાં આવ્યો હતો. માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ગત ૨ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ વર્ચ્યુઅલ માધ્યમથી આ અભિયાનનું રાષ્ટ્રીય સ્તરે ઉદ્ઘાટન કરાયા બાદ, પંચમહાલ જિલ્લામાં આ મુહિમને વેગ આપવા માટે સ્થાનિક સ્તરે આ વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના બ્રહ્મકુમારીઝનાં સંચાલિકા બી.કે. સુરેખા દીદીના માર્ગદર્શન હેઠળ

યોજાયેલા આ કાર્યક્રમમાં તેમણે ઉપસ્થિત નાના-મોટા સૌને વ્યસન, ફેશન અને વિકારો છોડવા માટે આહ્વાન કર્યું હતું. સાથે જ રાજયોગ મેડિટેશન દ્વારા પરમાત્મા સાથે કનેક્શન જોડીને આંતરિક શક્તિ પ્રાપ્ત કરવા પર ભાર મૂક્યો હતો. અભિયાનનો મુખ્ય હેતુ સ્પષ્ટ કરતાં બી.કે. શૈલેષભાઈએ જણાવ્યું હતું કે, સૌના સાથ-સહકારથી દેશભરના ૧૦ કરોડ યુવાનોને નશામુક્ત બની ભારતને શ્રેષ્ઠ બનાવવા માટે પ્રતિજ્ઞાબદ્ધ કરવાનો આ વિશેષ લક્ષ્યાંક છે.

નવજીવન સાયન્સ કોલેજમાં ગુરુપૂર્ણિમા નિમિત્તે શિક્ષકોનું સન્માન

(પ્રતિનિધિ) દાહોદ, તા. 6

દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ, દાહોદ ના વિદ્યાર્થી સંઘ દ્વારા ગુરુપૂર્ણિમા ના રોજ વિધાર્થીસંઘ ના વિધાર્થીઓ દ્વારા દરેક વિભાગ ના વડાઓ તથા કોલેજની દરેક ફેકલ્ટી ને પુષ્પગુચ્છ આપી ને સન્માનિત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના આયોજન માટે કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. જી.જે.ખરાદી એ પ્રોત્સાહન આપીને આયોજનને બિરદાવ્યુ હતું.સમગ્ર કાર્યક્રમ વિધાર્થી સંઘના ડૉ. વી.જે.ચૌહાણ, ધ્રુવી પટેલ, શિખા મોઢીયા અને ભૂમિ ટીલવાણી ની આગેવાની હેઠળ થયેલ હતો.

ફાટક બંધ થતાં ૩ થી ૪ કિમી લાંબી વાહનોની કતારો

ચાંપાનેર રેલવે ફાટક ટ્રાફિકનું હોટસ્પોટ બન્યું, ઓવરબ્રિજની માંગ ફરી ઉગ્ર

(પ્રતિનિધિ) સાવલી, તા.6

સાવલી-હાલોલ રોડ પર ચાંપાનેર નજીક આવેલ રેલવે ફાટક ફરી એકવાર ગંભીર ટ્રાફિક સમસ્યાનું કેન્દ્ર બન્યું છે. ફાટક બંધ થતાં બંને તરફ ત્રણથી ચાર કિલોમીટર સુધી વાહનોની લાંબી કતારો લાગી જતાં રોજિંદા મુસાફરો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

ખાસ કરીને હાલોલની વિવિધ ઔદ્યોગિક એકમોમાં નોકરી માટે અવરજવર કરતા કર્મચારીઓને દરરોજ ટ્રાફિકમાં લાંબા સમય સુધી ફસાઈ રહેવું પડે છે. આ માર્ગ પરથી દરરોજ હજારો નાના-મોટા વાહનો પસાર થતાં હોવાથી ટ્રેન પસાર થાય ત્યારે

ટ્રાફિકની સમસ્યા વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરે છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ ટ્રાફિક જામના કારણે 108 એમ્બ્યુલન્સ જેવી તાત્કાલિક આરોગ્ય સેવાઓ પણ અસરગ્રસ્ત બને છે. મેડિકલ ઇમરજન્સીના સમયે એમ્બ્યુલન્સ ટ્રાફિકમાં ફસાઈ જતાં દર્દીના જીવને જોખમ ઊભું થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

ગ્રામજનો અને વાહનચાલકોનું કહેવું છે કે ચાંપાનેર રેલવે ફાટક પર રેલવે ઓવરબ્રિજ (ROB) બનાવવાની માંગ વર્ષોથી કરવામાં આવી રહી છે. અનેક વખત રજૂઆતો કરવા છતાં હજુ સુધી કોઈ અસરકારક નિર્ણય લેવામાં આવ્યો નથી, જેના કારણે ટ્રાફિકની સમસ્યા દિવસેને દિવસે વધુ ગંભીર બની રહી છે.

ગોધરા ITI ખાતે મહિલા ઉમેદવારો માટે વિશેષ ભરતીમેળો ૭ ઓગસ્ટે યોજાશે

(પ્રતિનિધિ) ગોધરા, તા. 6

પંચમહાલ જિલ્લાની મહિલા ઉમેદવારોને રોજગારી અને એપ્રન્ટિશપની શ્રેષ્ઠ તકો પૂરી પાડવાના હેતુથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પંચમહાલ અને સરકારી આઈ.ટી.આઈ. ગોધરાના સંયુક્ત ઉપક્રમે વિશેષ ભરતીમેળો તથા આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. અનુબંધમ' અને એન.સી. એસ. પોર્ટલના માધ્યમથી આ કાર્યક્રમનું આયોજન તારીખ ૦૭ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સરકારી આઈ.ટી.આઈ. ગોધરા (પ્રભા રોડ, ગોધરા-દાહોદ હાઈવે રોડ, જિ. પંચમહાલ) ખાતે કરવામાં આવશે. આ ભરતીમેળામાં ૧૮ થી ૨૮ વર્ષની વયમર્યાદા ધરાવતી અનુભવી તેમજ બિન-અનુભવી મહિલા ઉમેદવારો ભાગ લઈ શકશે.

લીમડીની પ્રાથમિક શાળામાં શિક્ષિકા સાથે છેડતીનો આક્ષેપ

શારીરિક અડપલાં અને અશોભનીય ઈશારાના આક્ષેપ; પોલીસે તપાસ શરૂ કરી

(પ્રતિનિધિ) દાહોદ, તા. 6

ગોવિંદ ગુરુ લીમડી તાલુકાની થાળા મુખ્ય પ્રાથમિક શાળાના એક શિક્ષકે ચાલુ શાળા દરમિયાન પોતાની જે શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી એક ૩૨ વર્ષીય શિક્ષિકાની મરજી વિરુદ્ધ ચુંબન તેમજ શારીરિક અડપલા કરી તેમજ ગંદા ઈશારા કરી છેડતી કર્યાની પોલીસ ફરિયાદ છેડતીનો ભોગ બનેલ શિક્ષિકાએ કરતા શિક્ષક આલમમાં ભારે ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત વિગત અનુસાર સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકાના આતરોલી ગામના મૂળ વતની અને હાલ લીમડી ખાતે રહેતા અને થાળા મુખ્ય પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા કેતનકુમાર કાંતિલાલ પ્રજાપતિએ પોતાની જ શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવતી ૩૨ વર્ષીય મહિલાની ચાલુ શાળામાં ચુંબન તેમજ શારીરિક અડપલા કરી તેમજ ગંદા ઈશારા કરી છેડતી કરી હોવાના મતલબની ગંભીર ફરિયાદ છેડતી નો ભોગ બનેલ તે શિક્ષિકાએ લીમડી પોલીસ સ્ટેશનમાં કરતા લીમડી પોલીસે આ મામલે ચાલુ શાળાએ છેડતી કરનાર શિક્ષક કેતનકુમાર કાંતિલાલ પ્રજાપતિ વિરુદ્ધ ભારતીય ન્યાય સહીતા ૨૦૨૩ ની કલમ ૭૫(૧)(૧),૭૯ મુજબ છેડતીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

દાહોદના 'રામ રોટી મંડળ'ને રાષ્ટ્રીય સ્તરે સેવા સન્માન

(પ્રતિનિધિ) દાહોદ, તા. 6

સેવાકીય પ્રવૃત્તિઓમાં સતત અગ્રેસર રહેતી દાહોદ ની જાણીતી સંસ્થા "શ્રી સંતકૃપા સત્સંગ પરિવાર સેવા ટ્રસ્ટ (રામ રોટી મંડળ)"ના નામે વધુ એક ! ગૌરવપૂર્ણ સિદ્ધિ ઉમેરાઈ છે.। રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા "આરોગ્ય ! દર્પણ' દ્વારા દેશભર માંથી પસંદ કરાયેલા ૨૫ વિશિષ્ટ મહાનુભાવો અને સંસ્થાઓમાં દાહોદના આ ટ્રસ્ટ ની પસંદગી કરી તેમનું રાષ્ટ્રીય સ્તવિશેષ સન્માન કરવામાં આવ્યું છે.તારીખ૦૩ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ દિલ્હીના કોન્સ્ટિટયુશન સમારોહ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારત સરકારના અતિરિક્ત સંસદ સચિવ સૌરભ તિવારી તથા ઓલ ઈન્ડિયા એક્સ એમ પી એસોસિએશનના સેક્રેટરી પદીપ ગાંધીના વરદાહસ્તે "રામ રોટી મંડળ'ને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

વેજલપુરના વેપારી સહિત સંકળાયેલા સામે કાર્યવાહી શરૂ

અલાલી પાસે ગેરકાયદે લાકડાનું વહન કરતું ટ્રેક્ટર જપ્ત, મામલતદારની કાર્યવાહી

(પ્રતિનિધિ) કાલોલ, તા.6

કાલોલ તા ૦૬/૦૮/૨૬ કાલોલ તાલુકામાં સરકારી નિયમોનું ઉલ્લંઘન કરી ગેરકાયદેસર રીતે લાકડાનું વહન કરતા તત્વો સામે મામલતદાર તંત્રે લાલ આંખ કરી છે. કાલોલ મામલતદાર વિકાસ પટેલ દ્વારા અલાલી ગામની શાળા પાસેથી રાત્રિના સમયે પંચરાઉ લાકડા ભરીને જતાં એક ટ્રેક્ટરને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.મળતી માહિતી મુજબ, કાલોલ મામલતદાર વિકાસ પટેલ દ્વારા બુધવારે રાત્રે અલાલી નિશાળ પાસેથી પસાર થઈ રહેલા ટ્રેક્ટર (નંબરઃ GJ 07 AA

7667)ને રોકવામાં આવ્યું હતું. મામલતદારે ટ્રેક્ટર ચાલક પાસે લાકડાના વહન અંગેની પાસ-પરમિટ માંગતા, ચાલક કોઈ પણ પ્રકારના કાયદેસરના આધાર-પુરાવા કે પાસ-પરમિટ રજૂ કરી શક્યો ન હતો.વધુ તપાસમાં બહાર આવ્યું હતું કે, આ પંચરાઉ લાકડા એરાલ ગામના રહીશ ભગવાન ભાઈ વખતભાઈના માલિકીના સર્વે નંબરમાંથી કોઈપણ જાતની વહીવટી મંજૂરી વગર કાપવામાં આવ્યા હતા. આ લાકડા વેજલપુરના વેપારી ફારૂક ઘડા દ્વારા ટ્રેક્ટરમાં ભરાવીને બિનઅધિકૃત રીતે વહન કરવામાં આવી રહ્યા હતા. કોઈપણ પ્રકારની પરમિટ ન હોવાથી મામલતદાર વિકાસ પટેલે ત્વરિત કાર્યવાહી કરી ટ્રેક્ટરને પંચરાઉ લાકડાના જથ્થા સાથે જપ્ત કરી કાલોલ મામલતદાર કચેરી ખાતે મુકાવી દીધું છે. આ અંગે વન વિભાગ અને સંબંધિત તંત્રને જાણ કરી વેપારી સહિત સંકળાયેલા ઈસમો સામે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

દાહોદ અનાજ માર્કેટ ચેરમેન ચૂંટણી ક્યારે? સળગતો પ્રશ્ન

૪ જૂનની ચૂંટણી મતમતાંતરને કારણે મોકૂફ રહી હતી

(પ્રતિનિધિ) દાહોદ, તા. 6

તારીખ ૪ જૂનના રોજ ચેરમેન વરણી માટે યોજાયેલી ચૂંટણી મોકૂફ રખાઈ હતી એક માસ ઉપરાંતનો સમય થયો છતાં હજી સુધી નવી ચૂંટણીની તારીખ જાહેર કરાઈ નથી અને ચેરમેન વરણી મુદ્દે મતમતાંતર સર્જાયા હતા આ મળાગાઠ ન ઉકલતા આખરે સભ્યો ચૂંટણી સભા છોડી રવાના થઈ ગયા હતા તેના કારણે કલાકો રાહ જોયા બાદ ચુંટણી અધિકારીને સભા મોકુફ રાખવાની ફરજ પડી હતી અને આવનારા દિવસોમાં ફરીથી ચૂંટણી યોજવાની જાહેરાત કરવાની વાત કરી હતી.

દાહોદ અનાજ માર્કેટ ચેરમેનની ચૂંટણી ગત તારીખ ૪ જૂનના રોજ યોજાઈ હતી પરંતુ તેમાં ચેરમેન મુદ્દે એક મત ન થતા માર્કેટ ડિરેક્ટરો ચૂંટણી સભા સ્થળ છોડી રવાના થઈ ગયા હતા તેના કારણે ચેરમેનની ચૂંટણી મોકુફ રાખવી પડી હતી આ ચૂંટણી ને આજે તારીખ ૬ ના રોજ એક માસ ઉપરાંતનો સમય થયો હોવા છતાં ચૂંટણી ક્યારે યોજાશે તેની જાહેરાત ન થતા વેપારીઓ, ખેડૂત અને શહેરીજનોમાં ભારે વિમાસણ જન્મી છે અને સૌ કાગડોળે અનાજ માર્કેટ ચેરમેન ચૂંટણીની રાહ જોઈ રહ્યા છે. દાહોદ એપીએમસીની ચેરમેનની ચૂંટણી તારીખ ૪ જૂનના રોજ યોજાઈ હતી તેમાં ચાર વેપારી, દસ ખેડૂત, બે મંડળીના સભ્યો અને બે સરકારી સભ્યો મળી હતી.